**રે. દિ. મુ. નં.: ૧૮/૨૦૨૦**

**આંક :**

## :: મુદદાઓ ::

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીઓનો પરાપુર્વથી ૨૦ વર્ષ ઉપરાંતથી પોતાની ખેતીની જમીનમાં આવવા જવા દાવાવાળા ગાડા મારગનો સતત ઉપયોગ કર છે અને તેથી વાદીઓનો ગાડા મારગ પર સુખાધીકાર સ્થાપિત થયેલ છે ?

(૨) શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળો ગાડા મારગ એ વાદીઓને ખેતીની જમીનમાં જવા માટેનો એકમાત્ર રસ્તો આવેલ હોય, દાવાવાળો ગાડા મારગ એ ઈઝમેન્ટ ઓફ નેસેસીટી છે ?

(૩) શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળા ગાડા મારગમાં ચોમાસુ પાણીના લીધે પડી જતા ચરેરા હાલવા ચાલવામાં અડચણ, અવરોધરૂપ થાય ત્યારે સમયાંતરે વાદી ધ્વારા તોડી દાવાવાળો ગાડા મારગ સમતળ કરવામાં આવેલ છે અને આજુબાજુ આવેલ ઝાડ, વનસ્પતીની ડાળીઓ મુળ ઝાડને નુકસાન કર્યા વિના કાપીને રસ્તો ખુલ્લો કરવામાં આવે છે ?

(૪) શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદીઓ દાવાવાળા ગાડા મારગમાં ચાલતા તેમજ ગાડા વાળો મારગ રીપેર કરતા તેમજ નડતરરૂપ ડાળીઓ કાપતા ગેરકાયદેસર રીતે અટકાવી વાદીના સુખાધીકારમાં અડચણ–અંતરાય–અવરોધ કરેલ છે ?

(૫) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, કહેવાતો દાવાવાળો ગાડા મારગ એ કુદરતી પાણીના નિકાસનું છેલુ છે અને વાદીઓ આ રસ્તાનો ઉપયોગ પ્રતિવાદીની સંમતિથી પાણી ન હોય તે ગાળામાં કરતા આવેલા છે ?

(૬) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદી કહેવાતા દાવાવાળા ગાડા મારગમાં પથ્થર, મોરમ વિગેરે નાખીને કાયમી રીતે કુદરતી પાણીના નિકાસના પ્રવાહને અડચણ, અવરોધ, અંતરાય કરવા પ્ર યત્નશીલ થયેલ છે ?

(૭) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, કહેવાતા દાવાવાળા ગાડા મારગમાં પથ્થર, મોરમ વિગેરે નાખીને તળ ઉંચુ કરવામાં આવે તો, કુદરતી પાણીના બદલાયેલા પ્રવાહના કારણસર પ્રતિવાદીની જમીન તથા પાળાને અસહય નુકશાન થાય તેમ છે ?

(૮) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, ખોટી હકિકતો આધારે દાવો લાવી વાદી કુદરતી પાણીના નિકાસના છેલાને નુકશાન કરી કહેવાતા ગાડા મારગનો કાયમી રસ્તો ઉભો કરવા માંગે છે જે વાદીનું કુત્ય ગેરકાયદેસર છે ?

(૯) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૧૦) શું હુકમ ? શું હુકમનામુ ?

**તારીખ : ૧૮/૦૧/૨૦૨૨** **(ભાવિનકુમાર નવિનચંદ્ર જોષી)**

**સ્થળ : ભાણવડ** **પ્રિન્સીપલ સીવીલ જજ, ભાણવડ**